## પ્રકરણ-૧૮
## બાળકને સેક્સનું જ્ઞાન ક્યારથી અને કેવી રીતે અપાય?

'બાળકને જાતીયતા અને સેક્સનું જ્ઞાન હવેથી સ્કૂલોમાં અપાશે' એવા સમાચારો છાપાઓમાં વંચાય છે. મોટાભાગના વાલીઓને એવો ખ્યાલ છે કે જાતિયતા સેક્સની સમજણ બાળકને જરૂરી તો છે પણ તે માટે બાળકને બેસાડી લેક્ચરરૂપે વાત કરવી પડે. ષણ હકીકત તો એ છે કે સેક્સની સમજણ કોઇ ચોક્કસ ઉંમરથી શરૂ થતી થતી અને તે માટે કોઇ ખાસ પ્લાનિંગ નથી કરવાનું હોતું. આ જ્ઞાન બાળકને ર થી ૩ વર્ષની ઉંમરથી સામાન્ય અન્ય સમજણો સાથે જ લાધે છે. સેક્સની સમજણ એટલે માત્ર શારીરિક ફેરફારોની સમજણ તરીકે ક્યારેય ના સમજાવવી અંત્યત અગત્યની છે. તે કેવી રીતે? બાળકને માત્ર શારીરિકતા અને ભૌતિકતા કરતાં આગળ વધીને સ્ત્રી પુરુષના સંબંધની આત્મિયતા, પ્રેમ, અરસપરસની વિશ્વવસનીયતા, સમર્પિતતા, આદરભાવ વગેરે જેવી લાગણીઓ તથા પોઝીટીવ ભાવનાઓ થકી આનંદ અને ઉત્સાહપૂર્ણ જીવન જીવવાની કળાનું જ્ઞાન કરાવવું જ ખરા અર્થમાં સેક્સ એજ્યુકેશન છે. એટલે બાળકના જીવનમાં જાતિયતાની સમજણની શરૂઆત ઘરમાંથી થાય છે જેમાં મા-બાપ, ભાઇ-બહેનો, દાદા-દાદી, વગેરે વિજાતીય વ્યક્તિઓ એકબીજા સાથે કેવી રીતે વર્તે છે તે જોઇ અનુભવીને બાળક સ્ત્રી અને પુરુષ વચ્ચે ભેદ પાડતા શીખે છે. ત્રણેક વર્ષની ઉંમરે તેને દરેક ઝીણી-ઝીણી બાબતમાં કેવી રીતે? કેમ? આ શું છે? વગેરે જેવા પ્રશ્નો થાય. જાતીયતા વિશેના પ્રશ્નો પણ તેટલી જ સાહજીકતાથી થાય. જેવી રીતે બાળકને સામાન્ય પ્રશ્નો થાય કે કૂતરાને કેમ ચાર પગ છે? મને કેમ પૂછડી નથી? પપ્પાને કેમ ચોટલો નથી? હું ક્યારે મોટો થઇશ? મને આ બતાવને, પેલું આપોને! વગેરે વગેરે તેવી રીતે એટલી જ સાહજીકતાથી અને જિજ્ઞાસાથી બાળકને સેક્સ વિષયક પ્રશ્નો પણ થાય જેમ કે છોકરીને કેમ લિંગ નથી? પપ્પા કરતાં મમ્મીની છાતી-સ્તન કેમ મોટા છે? પુરુષો ઊભા ઊભા પેશાબ કરે અને સ્ત્રીઓ કેમ બેસીને? છોકરીઓ કેમ ફ્રોક પહેરે અને છોકરા નહીં? છોકરીઓ વાળ કેમ મોટા રાખે? બહેન મમ્મીના પેટમાં ક્યાંથી આવી? વગેરે વગેરે. પ્રકૃતિમાં જાનવરોને જાતીય સમાગમ કરતા જોઇ બાળકને સહેજેય કુતૂહલ થાય તે કુદરતી છે. આવા જિજ્ઞાસાપૂર્ણ પશ્નો પૂછતા પૂછતા બાળક શીખે છે અને તેમ કરતાં તે સ્ત્રી-પુરુષનો ભેદ પારખે. સ્ત્રી-પુરુષના સંબંધોની જાણકારી મેળવે. ઘરમાં સ્ત્રી પુરુષો એકબીજા સાથે કેવી રીતે વર્તે છે? તેમના વચ્ચે કેવો પ્રેમ છે, કેવી સહિષ્ણુતા છે, કેવી સમર્પિતતા છે? એક બીજાને કેવી રીતે મદદરૂપ થાય છે? ઘરમાં સ્ત્રીવર્ગને (સ્ત્રી બાળકને પણ) સેકેન્ડ પ્રેફરન્સ અપાય છે? વગેરે જેવા મુદ્દાઓ બાળકની નજરે અને અનુભવે તરત ચડે અને તે બાળકની જાતીયતાનો મુખ્ય આધાર બને છે. એટલે જાતીયતા અને સેક્સ માત્ર ભૌતિકતા નહીં પરંતુ અન્ય લાગણીઓ સાથે ગુંથાયેલી હોય છે. અને દરેક બાળકને આવી સમજણ આપવાની વાલીઓ અને શિક્ષકોની જવાબદારી છે.

આપણા સમાજમાં સામાન્ય રીતે બાળક સેક્સ વિષયક સવાલ પૂછે એટલે સીધો સાચો સરળ જવાબ આપવામાં વાલીને એમ્બેરેસમેન્ટ (સંકોચ) અનુભવાય છે. તેથી કાં તો જવાબ આપવાનું ટાળી દેવાય અથવા કંઇક અષ્ટમ્પષ્ટમ્ ખોટો જવાબ આપી દેવાય અથવા ખીજવાય જવાય છે કે આવો સવાલ તે કંઇ કરાતો હશે? મૂળત્ત્વે બાળકે સવાલ તો બાળસહજ નિર્દોષ કુતૂહલથી પૂછયો હોય અને તેને અન્ય સામાન્ય સવાલોના જવાબની જેમ સ્પષ્ટ સાચા સરળ ઉત્તરની આશા હોય પણ જ્યારે તેને યોગ્ય જવાબ ના મળે અથવા આપનારના અવાજમાં સંકોચ અને શરમ જણાય ત્યારે તેને આખો વિષય રહસ્યમય લાગવા માંડે. આવા સંજોગોમાં વારંવાર સરખો અનુભવ થવાથી છેવટે બાળક અને વાલી વચ્ચે એક અગમ્ય પડદો-અવરોધ પડી જાય. છેવટે કુદરતી જિજ્ઞાસા તો અંદર અંદર ઉછળતી જ હોય એટલે બાળક અન્ય રસ્તેથી પોતાની અપરિપક્વ રીતે, મિત્રો પાસે અથવા અયોગ્ય રીતે મોટાઓ પાસેથી જાણકારી તો મેળવે જ છે જેમાં પૂરતી શક્યતાઓ રહેલી હોય છે કે તે ઘણી ભૂલ ભરેલી, હકીકતથી વેગળી, કાલ્પનિક અને કદાચ ભયાનક પણ હોય શકે છે! અને આવા કારણોસર સમાજમાં મોટાઓમાં સેક્સ વિષયક પ્રશ્નો મોટાભાગના મનોવૈજ્ઞાનિક મુદ્દાઓ જ હોય છે જેમાં યોગ્ય જાણકારીનો અભાવ મૂળમાં હોય છે.!!

સૌથી સામાન્ય પ્રશ્નનો જવાબ આપવો પડતો હોય છે તે સગર્ભાવસ્થા દરમ્યાન પેટનો વધેલો ઘેરાવો જોઇને બાળક પૂછતું હોય કે આવું કેમ? અથવા જયારે ઘરનાઓને સાંભળીને કે તેમની આગોતરી જાણકારીથી 'તારે ભાઇ જોઇએ કે બહેન' જેવી વાતોથી બાળકને પ્રશ્ન થાય કે 'બાળક ક્યાંથી આવે' ત્યારે સંકોચ વગર 'હોસ્પિટલથી લઇને આવશું' જેવા જવાબને બદલે 'મમ્મીના પેટમાં ગર્ભાશયમાંથી બાળક આવે' તેવો હકીકતની નજીકનો જવાબ આપવો. બાળકની ઉંમર અને સમજણને અનુરૂપ ટૂંકાણમાં (લાંબી ચર્ચા કે વધુ પડતી તેને ના સમજાય તે સમજણ વગર) જવાબ આપવાથી બાળકને સંતોષ થશે. બાળક આ સાંભળી એવું તારણ કાઢે કે પેટમાં તો ખાવાથી વસ્તુ જાય તો એ પ્રકારની જિજ્ઞાસા પણ કરી શકે કે પેટમાં ક્યાંથી આવ્યું. ત્યારે સાચો સરળ જવાબ આપી શકાય કે 'મમ્મીના પેટમાં પહેલાથી એક બીજ (કે ઈંડું) હોય તેમાંથી બાળક બને.' સામાન્ય રીતે ત્રણ થી પાંચ વર્ષના બાળકને આવા જવાબો આપી શકાય. તે ઉંમરે શારીરિક સમાગમની પ્રક્રિયાને શબ્દોમાં મૂકવાની જરૂર ના પડે. અને વધુ ઉંમરે જરૂર પડે ત્યારે તેને મા બાપના એકબીજા પ્રત્યેના પ્રેમના પરિપેક્ષ્યમાં મૂકી સમજાવવું જરૂરી છે. તેવી રીતે બાળક બહાર કેવી રીતે આવે તેવા પ્રશ્નો પણ થાય ત્યારે 'ઝાડો પેશાબ થવાની જગ્યાએ એક અલાયદું કાણું યોનિ હોય તેમાંથી આવે' તેવી સાદી સમજણ આપી મોટા બાળકને તે સમજી શકે તો, શરીર રચનાની વધુ સમજણ આપી શકાય.

આવી ચર્ચાઓ અને સમજણ આપતા મોટા બાળક સાથે વાત કરવામાં ઘણાં વાલીને સંકોચ નડે. ત્યારે બે રસ્તા થઇ શકે. એક તો અન્ય કોઇ વડીલ સાહજિકતાથી આ વાત કરે અને બીજું ઘરમાં સાદા ચિત્રો સાથે સરળ સમજણ આપતાં પુસ્તકો રાખવા જરૂરી છે. આમ વિશ્વસનીયતાથી મેળવેલ માહિતી ધરાવનાર બાળક મોટું થતા આડાઅવળા માર્ગેથી ખોટી માહિતી તરફ ક્યારેય વળશે નહીં. ઘરમાં એકલા બાળક સાથે વાત કરવામાં સંકોચ ના થાય પણ બાળક તો રસ્તે ચાલતા, દુકાનમાં, જાહેરમાં વગેરે ગમે ત્યારે પ્રશ્ન કરે, એવું બને. ત્યારે જો તરત સરળતાથી સંકોચ વગર જવાબ અપાય તો આપવો નહીંતર તેને સમજાવવું કે ઘરે જઇ શાંતિથી સમજાવીશ અને પછી ઘરે જઇ ખરેખર તેની જિજ્ઞાસા પૂરી કરવી.

ઘણાં બાળકો ક્યારય સેક્સ વિષયક સવાલ કરે જ નહીં તેવું બને, પણ ખરેખર તો સવાલો પહેલાં જ ઘરના વાતાવરણ પરથી તે આ વિષયને રહસ્યમય જાણી સવાલ કરતા અટકે છે. આવા બાળકો સીધા સવાલ કરવાને બદલે આડકતરી જોક્સ અને મજાક કરે. ત્યારે આવો મોકો જોઇ મજાક પાછળની તેની જિજ્ઞાસા ઓળખી તેને યોગ્ય શબ્દોમાં સમજાવવું જરૂરી છે.

સેક્સ એજ્યુકેશનમાં સ્કૂલ ઘણો ભાગ ભજવી શકે છે. શિક્ષક અને વાલીઓએ આ જ્ઞાન આપતા ક્યારેય બાળકને પ્રેગનન્સી, માસિક સ્ત્રાવ, સ્વપ્નદોષ વગેરે વિશે ડરામણી કે દોષપૂર્ણ અમજણ ના આપવી.

તરૂણાવસ્થાની શરૂઆતે (દસેક વર્ષે) છોકરીઓને અને બારેક વર્ષે છોકરાઓને આવનારા વર્ષોમાં તેમના શરીરમાં કેવા ફેરફારો થશે તેની આગોતરા જાણકારી આપવી જરૂરી છે. તે ફેરફારો જ્યારે જાણકારી વગર થાય ત્યારે ઉદ્ભવતી અકારણ ચિંતા અને ટેન્શન આ સમજણથી નિવારી શકાય. છોકરીને માસિક સ્ત્રાવની સમજણ પહેલાંથી આપી રાખી તેને સ્ત્રાવ વખતે કેવી રીતે વર્તવું અને સાચવવું વગેરે સમજાવવાથી તેની માનસિકતામાં ઘણો ફાયદો થાય છે. તેવી રીતે છોકરાઓને શિશ્નોત્થાન, જાતિયતાભર્યા સ્વપ્નાંઓ સ્વપ્નદોષ , હસ્તમૈથુનની સાહજિકતા આગોતરા સમજાવવાથી આવનાર સંજોગોમાં બાળક પોતાને દોષિત-ગુનાહિત નહીં સમજે પરંતુ વધુ પરિપકવતાથી પોતાનાં અન્ય કામો પૂર્ણ કરશે.



*મમ્મી........*
*પિ....પિપી...!!*